# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 17-07-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સ્તરે ભારતીય અર્થતંત્રનાં વેગમાં મેક ઇન ઇન્ડિયાની ભૂમિકાની ઝાંખી રજૂ કરી...
- ✓ ઓમાનના દરિયાકાંઠે ઓઇલ ટેન્કર પલટી જતાં 13 ભારતીયો સહિત ચાલકદળના તમામ 16 સભ્યો ગુમ..
- ✓ દક્ષિણ ગુજરાત સહિત દેશના કેટલાક ભાગોમાં આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદની આગાહી...
- ✓ કાશ્મીરમાં 18 દિવસમાં ત્રણ લાખ 38 હજાર 143 શ્રદ્ધાળુઓએ પવિત્ર અમરનાથ ગુફાનાં દર્શન કર્યા..
- ✓ દેશભરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા આજે મહોરમ તહેવાર મનાવવામાં આવી રહ્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## *PM MAKE IN INDIA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સામાજિક માધ્યમ પર કઈ રીતે “મેક ઇન ઇન્ડિયા” ભારતના અર્થતંત્રને વૈશ્વિક મંચ પર આગળ ધપાવી રહ્યું છે તેની એક ઝલક રજૂ કરી છે.શ્રી મોદીએ પોસ્ટમાં જણાવ્યું કે, યુકે, જર્મની અને નેધરલેન્ડ્સમાં ભારતીય સાઈકલની નિકાસમાં વધારો થવાથી એ વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. આ વૃદ્ધિ આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતના વધતા પ્રભાવને દર્શાવે છે.

મેડ ઇન બિહાર બૂટ હવે રશિયન આર્મીનો એક ભાગ બની ગયા છે, જે ભારતીય ઉત્પાદનોની વૈશ્વિક પહોંચ દર્શાવી રહી છે. આ સીમાચિહ્ન આંતરરાષ્ટ્રીય સંરક્ષણ બજારમાં ભારતના વધતા પ્રભાવ તેમ જ પોતાની ઉત્પાદન ક્ષમતાઓની ઉચ્ચ ગુણવત્તાને દર્શાવે છે.

એમેઝોનના બ્લેક ફ્રાઈડે અને સાઈબર મન્ડે સેલ્સમાં પણ ભારતીય ઉત્પાદનોએ વેચાણમાં પ્રભુત્વ મેળવ્યું હતું, જે એક વૈશ્વિક અપીલને દર્શાવે છે. આ સફળતાની વાર્તા મેડ ઈન ઈન્ડિયા વસ્તુઓની આંતરરાષ્ટ્રીય માગ અને વૈશ્વિક ઈ-કૉમર્સ બજારમાં ભારતની વધતી હાજરી દર્શાવે છે.

## *PREZ SPEECH - BOOK*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના કાર્યકાળના પ્રથમ વર્ષના 75 મહત્વપૂર્ણ ભાષણોનું સંકલન કરતું પુસ્તક "વિંગ્સ ટુ અવર હોપ્સ - વોલ્યુમ I,"નું આવતીકાલે નવી દિલ્હીમાં વિમોચન થશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવની હાજરીમાં ઈ-બુકનું વિમોચન કરશે. પ્રકાશન વિભાગે આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. આ પુસ્તક હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત થશે.

## *OMAN-OIL TANKER*

ઓમાનના દરિયાકાંઠે ઓઇલ ટેન્કર પલટી જતાં 13 ભારતીયો અને ત્રણ શ્રીલંકાના નાગરિકો સહિત તમામ 16 ચાલકદળના સભ્યો ગુમ થયા છે. ઓમાનના દરિયાઈ સુરક્ષા કેન્દ્રના જણાવ્યા અનુસાર, 'પ્રેસ્ટિજ ફાલ્કન' નામનું જહાજ ઓમાનના ઔદ્યોગિક બંદર દુકમ પાસે ડૂબી ગયું હતું. આ જહાજ યમનના એડન બંદર તરફ જઈ રહ્યું હતું. ઓમાની સત્તાવાળાઓએ દરિયાઈ સત્તાવાળાઓ સાથે મળીને શોધ અને બચાવ કામગીરી શરૂ કરી છે.

## *OMAN-SHOOTING*

ઓમાનની રાજધાની મસ્કતમાં અલી બિન અબી તલિબ મસ્જિદમાં ગઇ કાલે રાત્રે થયેલા હૂમલામાં એક ભારતીય સહિત નવ વ્યક્તિનાં મૃત્યુ થયા હતા અને 28ને ઇજા થઈ હતી. ઓમાનમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, હૂમલામાં એક ભારતીય નાગરિકને ઇજા થઈ છે. ઓમાનના સલામતી દળો સાથેની અથડામણમાં ત્રણ અજાણ્યા બંદૂકધારીઓ માર્યા ગયા હતા.

દરમિયાન, મસ્કતમાં અમેરિકન દૂતાવાસે પણ ગોળીબારને પગલે સલામતી એલર્ટ જાહેર કર્યું છે. આ ગોળીબાર મોહરમની પૂર્વસંધ્યાએ થયો હતો. ઓમાનમાં શિયા મસ્જિદ પર આ પ્રથમ હુમલો છે.

## *IMD – FORECAST*

ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી ચાર દિવસ દરમિયાન ગુજરાત, કર્ણાટક, છત્તીસગઢ, ઓડિશા, કેરળ,

નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન, જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

દરમિયાન, સતત ભારે વરસાદને કારણે કેરળમાં સત્તાવાળાઓએ આજે આઠ જિલ્લાઓમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે. આ જિલ્લાઓમાં કન્નુર, કોઝિકોડ, વાયનાડ, પલક્કડ, થ્રિસુર, ઇડુક્કી, અલપ્પુઝા અને કોટ્ટાયમનો સમાવેશ થાય છે. જેમાં ટ્યુશન કેન્દ્રો, આંગણવાડીઓ અને વ્યાવસાયિક કોલેજો સહિતની તમામ શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ  થાય છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે રાજ્યમાં આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદ ચાલુ રહેશે

# *AMARNATH YATRA- SRINAGAR*

કાશ્મીરમાં અમરનાથ યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધી 18 દિવસમાં ત્રણ લાખ 38 હજાર 143 શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફાનાં દર્શન કરી ચૂક્યા છે.

ગઇ કાલ સાંજે આશરે 13,000થી વધુ શ્રધ્ધાળુઓએ  શ્રી અમરનાથની પવિત્ર ગુફાનાં દર્શન કર્યા હતા. આ શ્રધ્ધાળુઓ બાલતાલ અને ચંદનવાડી માર્ગ અને વિશેષ હેલિકોપ્ટરો દ્વારા દક્ષિણ કાશ્મીરની લિદ્દર ખીણમાં 3 હજાર 888 મીટર ઊંચાઈ પર આવેલી પવિત્ર ગુફા સુધી પહોંચ્યા હતા. આમાંથી મોટાં ભાગનાં યાત્રી પોતાનાં ગૃહ રાજ્ય પાછા ફરી ચૂક્યા છે.

અધિકારીઓનાં જણાવ્યા અનુસાર આ શ્રધ્ધાળુઓમાં આઠ હજાર 500 પુરુષ, 3 હજાર 236 મહિલાઓ, 80 સાધુ-સંતોનો સમાવેશ થાય  આ ઉપરાંત એક હજાર 395 સેવા પ્રદાતા અને સલામતી કર્મચારીઓ પણ તેમાં સામેલ હતા.

દરમિયાન, આજે વહેલી સવારે ભગવતી નગર યાત્રી નિવાસથી 3 હજાર 740 યાત્રીઓની નવી 20મી ટૂકડી અમરનાથ યાત્રા માટે રવાના થઈ હતી.

29 જૂનથી શરૂ થયેલી આ યાત્રા બાવન દિવસ ચાલશે.

## *PM - ASHADHI EKADASHI*

દેશભરમાં આજે અષાઢી એકાદશી ઉજવવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે નાગરિકોને શુભેચ્છા પાઠવી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે ભગવાન વિઠ્ઠલના આશીર્વાદ હંમેશા દરેક પર રહેશે. તેમણે આશા વ્યક્ત કરી કે આ પ્રસંગ લોકોને નિષ્ઠા, નમ્રતા અને કરુણાથી ગરીબ લોકોની સેવા કરવા માટે પ્રેરણા આપશે.

આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પરિવાર સાથે પંઢરપુરના વિઠ્ઠલ રખુમાઈ મંદિરમાં ભગવાન વિષ્ણુની પૂર્જા અર્ચના કરી. શ્રી શિંદેએ પૂજા કર્યા બાદ જણાવ્યું કે, તેમણે રાજ્યનાં લોકોની સમસ્યા દૂર કરવા અને તેમને સમૃધ્ધ કરવા પાંડુરંગાને પ્રાર્થના કરી હતી.

## *MUHARRAM*

આજે દેશભરમાં આશુરા-એ-મુહરમના તહેવારને મનાવવામાં આવી રહ્યો છે..

સાતમી સદીમાં કરબલાના મેદાનમાં સત્ય અને ન્યાય માટે પોતાનાં જીવનું બલિદાન આપનારા મહમ્મદ પૈગંબરનાં પૌત્ર હઝરત ઇમામ હુસૈન અને તેમનાં સાથીઓનાં બલિદાનની યાદમાં આજના દિવસે શોક મનાવવામાં આવે છે. આ પ્રસંગે તાજીયાનું સરઘસ કાઢવામાં આવે છે. કરબલાનાં શહીદોને યાદ કરવા આજે દેશભરમાં મજલિસ એટલે કે ધાર્મિક સભાઓનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સલામતીનો ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

## *SRI LANKA INDIA TEAM*

શ્રીલંકાના પ્રવાસ માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત આજે થવાની સંભાવના છે. ગૌતમ ગંભીર ભારતના મુખ્ય કોચ નિમાયા તે પછી આ પ્રથમ શ્રેણી છે. ગંભીરે સપોર્ટિંગ સ્ટાફ સહિત ટીમનાં કેપ્ટન અંગે બીસીસીઆઇને અનેક સૂચનો કર્યા છે.

26 જુલાઇથી શરૂ થનાર આ પ્રવાસનો પ્રારંભ ત્રણ ટી-20 મેચ સાથે થશે. ત્યારબાદ ત્રણ વન ડે રમવામાં આવશે.

ટી-20 મેચ પલ્લેકેલે અને વન-ડે મેચ કોલંબોમાં રમાશે. એક અહેવાલ પ્રમાણે ટી-20નું કેપ્ટનપદ સૂર્યકુમાર યાદવને સોંપવામાં આવે તેવી સંભાવના છે . ટી-20 વિશ્વકપ 2024માં ચેમ્પિયન બન્યા બાદ રોહિત શર્માએ ટી-20 સ્વરૂપમાંથી નિવૃત્તિ લીધી હતી.

## *SHIVRAJ---AGRICULTURE*

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે વર્ષ  2047 સુધીમાં ભારતને વિકસિત બનાવવાના પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના સંકલ્પમાં કૃષિ અને કૃષિ સંબંધિત ક્ષેત્રો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ગઇકાલે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદના 96મા સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે  બોલતા શ્રી ચૌહાણે આ મુજબ જણાવ્યું હતું . તેમણે કહ્યું કે, ખેતીએ ભારતીય અર્થવ્યવસ્થાનો આત્મા છે અને ખેડૂતો તેની કરોડરજ્જુ છે. ખેડૂતો અને ખેતીએ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ પ્રસંગે, શ્રી ચૌહાણે વિવિધ પાકોની 25 જાતો અને  કેટલાક ઉત્પાદનો ખેડૂતોને સમર્પિત કર્યા હતા.

## *BANGLADESH - CLASH*

બાંગ્લાદેશમા નોકરીમાં અનામતની માંગણી કરતા વિદ્યાર્થીઓ અને પોલીસ તથા સત્તાધારી પક્ષ અવામી લીગ સાથે જોડાયેલી વિદ્યાર્થી પાંખ બાંગલાદેશ છાત્ર લીગ-બીસીએલ સાથે અથડામણમાં છેલ્લા બે દિવસમાં છ લોકોના મોત થયા છે અને કેટલાંક લોકો ઇજાગ્રસ્ત થયા છે. ચટ્ટોગ્રામમાં ત્રણ, ઢાકામાં બે અને રંગપુર જિલ્લામાં એકનું મોત થયું છે.

બાંગ્લાદેશના યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને જણાવ્યું હતું કે તમામ જાહેર અને ખાનગી યુનિવર્સિટીઓ અને તેની સાથે સંકળાયેલ મેડિકલ કોલેજો અને અન્ય સંસ્થાઓ વિદ્યાર્થીઓની સુરક્ષા માટે આગામી આદેશો સુધી બંધ રહેશે.

અગાઉ 1 જુલાઈએ વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ અનામત આંદોલન શરૂ કર્યું હતું. વિદ્યાર્થીઓ 5 જૂનના હાઈકોર્ટના આદેશને રદ કરવાની માંગ કરી રહ્યા હતા. આ આદેશમાં બાંગ્લાદેશ સરકારને 1971ના બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામના સ્વાતંત્ર્ય સેનાનીઓના વંશજો માટે નોકરીઓમાં ત્રીસ ટકા અનામત આપવાનું કહેવામાં આવ્યું હતું. બાંગ્લાદેશની આઝાદી બાદ સ્વાતંત્ર્ય સેનાનીઓને નોકરીઓમાં ત્રીસ ટકા અનામત આપવામાં આવી હતી. 1997માં સરકારે સ્વાતંત્ર્ય સેનાનીઓના બાળકો માટે નોકરીના ક્વોટાનો વિસ્તાર કર્યો હતો. વર્ષ 2010માં સ્વાતંત્ર્ય સેનાનીઓના પૌત્ર-પૌત્રોને અનામત આપવાની જોગવાઈ કરીને તેનો વધુ વિસ્તાર કરવામાં આવ્યો હતો.